૨૬ ફાઈલ



સને ૨૦૧૭-૧૮ના વર્ષના અંદાજપત્રમાંથી
જાન્યુઆરી-૨૦૧૮ થી ફેબ્રુઆરી-૨૦૧૮ના માસની
કેન્દ્રીય પુરસ્કૃત યોજનાના રાજ્યના હિસ્સાની
ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭ ( મુડી સદર )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૭/૨૪૩/ખ-3
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭ /૦૧/૨૦૧૮

વંચાણે લીધા: -

૧. નાણા વિભાગનો તારીખ :૦૪/૦૧/૨૦૧૮નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક : FD/APB/067-4215-01-102-24-COVERAGE
૨. નાણા વિભાગનો તારીખ :૦૪-૦૧-૨૦૧૮નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક : FD/APB/067-4215-01-102-24-COVERAGE
3. મીનીસ્ટ્રી ઓફ ડ્રીન્કીંગ વોટર એન્ડ સેનિટેશનનાં અંગ્રેજી પત્ર ક્રમાંક: ડબ્લ્યુ-૧૧૦૨૦/૧૮૮/૨૦૧૫/-વોટર-૧-૯૪ તા.૧૯-૧૨-૨૦૧૭ અને પત્ર ક્રમાંક: ડબ્લ્યુ-૧૧૦૨૦/૧૮૮/૨૦૧૫/-વોટર-૧-૧૦૬ તા.૨૮-૧૨-૨૦૧૭

યાદી :-

કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે વંચાણે લીધા ઠરાવ(૩)ના આદેશોથી કેન્દ્ર સરકાર દ્વારા અનુક્રમે રૂ. ૪૨,૭૬,૧૩,૦૦૦ અને રૂ. ૪૪,30,03,000 આમ, કુલ રૂ. ૮૭,૦૬,૧૬,૦૦૦ની ગ્રાન્ટ રાજ્યના હિસ્સાની મેળવવાની રહે છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજનાની રાજ્યના હિસ્સાની ગ્રાન્ટ માટે માહે : જાન્યુઆરી-૨૦૧૮ થી ફેબ્રુઆરી-૨૦૧૮ના માસ માટે નાણા વિભાગના વંચાણે લીધા ઠરાવ-૧ થી રૂ.૨૮,૧૨,૦૨,૦૦૦/- અને ઓનલાઈન ઠરાવ-૨ થી રૂ.૪૨,૭૬,૭૩,૦૦૦ કુલ રૂા. ૭૦,૮૮,૭૫,૦૦૦/-( અંકે રૂપિયા સીતેર કરોડ અઠ્યાસી લાખ પંચોતેર હજાર પુરા ) ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગના હવાલે મુકવામાં આવેલ છે.

પ્રભાગને ફાળવેલ ઉક્ત ગ્રાન્ટ પૈકી બજેટ જોગવાઈની મર્યાદામાં રૂા. ૬૮,૮૮,૧૫,૦૦૦ /-( અંકે રૂપિયા અડસઠ કરોડ અઠ્યાસી લાખ અને પંદર હજાર પુરા ) માંગણી ક્રમાંક : ૬૭, મુખ્ય સદર – ૪૨૧૫ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

| અ.નું | વિગતવાર સદર | જાન્યુઆરી-૨૦૧૮ થી ફેબ્રુઆરી-૨૦૧૮ માટે | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૬૭ (રાજ્યનો હિસ્સો )(કેન્દ્ર પુરસ્કૃત યોજના ) | | |
| ૧ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ(PSS)<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા<br>પેટા સદર - ૨૪ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના - કવરેજ<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ - ૪૨૧૫ ૦૧ ૧૦૨ ૨૪<br>સ્કીમ કોડ - ૫૧૨૭૫૩ | ૬૮,૮૮,૧૫,૦૦૦ | અડસઠ કરોડ અઠ્યાસી લાખ અને પંદર હજાર પુરા |
| | સરવાળો - ૪૨૧૫ | ૬૮,૮૮,૧૫,૦૦૦ | |

શરતો :-

1. સને ૨૦૧૭-૧૮ નાં વર્ષમાં અંદાજપત્રની બજેટ જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. આ રકમમાંથી પગાર અને ભથ્થાના ચુકવણી કરી શકાશે.
3. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
4. સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટ જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી પાણી પુરવઠા બોર્ડના નિયંત્રણ અધિકારીની રહેશે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.

7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. નાણા વિભાગના તા.૦૪/૦૧/૨૦૧૮ તેમજ ભારત સરકારના તા. ૧૯-૧૨-૨૦૧૭ અને તા. ૨૮-૧૨-૨૦૧૭ના પરિપત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
ઉપ.સચિવ(પા.પુ)
**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

પ્રતિ,

1. મુ.ઈ અને અધિક સચિવશ્રી (યોજના), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. ખાસ ફરજ પરના અધિકારીશ્રી (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
4. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
5. મુખ્ય ઈજનેરશ્રી, (પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના</u>

1. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
2. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
3. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
4. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
5. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.
6. નાયબ સેક્શન અધિકારી.
7. પસંદગી ફાઈલ.